# રેફરી (ફૂટબોલ)

ફૂટબોલમાં રેફરી એ રમત સાથે જોડાયેલા તમામ તથ્યો અંગે નિર્ણય લેવાની અંતિમ સત્તા છે. તે મેચ શરૂ કરવા અને બંધ કરવાની સત્તા ધરાવતા અધિકારી છે અને ખેલાડીઓ સામે શિસ્તભંગના પગલાં (જેમ કે ફાઉલ, યલો અને રેડ કાર્ડ અને પેનલ્ટી) લાગુ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને વિવિધ પ્રકારની શારીરિક પ્રવૃત્તિઓ પસંદ છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે ટીમ સાથે સહજ રીતે કામ કરી શકો છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૭,૦૦૦ થી ૩૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. રેફરી એડમિનિસ્ટ્રેશન સિસ્ટમ ઓફ ઈન્ડિયા (આર.એ.એસ.આઈ.) પોર્ટલ દ્વારા ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.)ની વેબસાઈટ પર તમારા નામની નોંધણી કરો અને દર વર્ષે એક કે બે વાર ચાર ભાગોમાં યોજાતી રેફરી પરીક્ષા પાસ કરો. પરીક્ષા પાસ કર્યા પછી, તમને કેટેગરી ૫ રેફરી તરીકે વર્ગીકૃત કરવામાં આવશે. **અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને પછી રેફરી માટેની પરીક્ષા આપો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

રાષ્ટ્રીય કક્ષાની મેચમાં રેફરી તરીકે સેવા આપનાર ફૂટબોલ રેફરીનું અંદાજીત માસિક વેતન **રૂ. ૨૧,૦૦૦ થી ૨૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://economictimes.indiatimes.com/news/sports/aiff-to-appoint-50-referees-on-contractual-basis-for-rs-80000-per-month/articleshow/95385831.cms?from=mdr

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** રાજ્ય-સ્તરની મેચો, પ્રદર્શનો, મૈત્રીપૂર્ણ સ્પર્ધાઓ, રાષ્ટ્રીય-સ્તરની મેચો સહિત અન્ય

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમારે હંમેશા બહાર કામ કરવું પડશે અને આ કામમાં સક્રિય રહેવું પડશે. ફરજનો સમય સાનુકૂળ હોય છે અને તે મેચના સમયગાળા પર આધાર રાખે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

શ્રેણી ૫ (પ્રારંભિક સ્તર) → શ્રેણી ૪ (મધ્યમ સ્તર) → શ્રેણી ૩ (એડવાન્સ લેવલ) → શ્રેણી ૨ (રાષ્ટ્રીય સ્તર) → શ્રેણી ૧ (ભારતમાં ટોચનું સ્તર, આઇ.એસ.એલ. અને આઇ. લીગ મેચોનું સંચાલન કરે છે) → ફિફા (એ.આઇ.એફ.એ. દ્વારા નામાંકિત , મર્યાદિત રેફરીઓને આંતરરાષ્ટ્રીય ફિફા રેફરી બનવાની તક મળે છે) → એ.એફ.સી. એલિટ (ઉચ્ચ-સ્તરની એ.એફ.સી. સ્પર્ધાઓ માટે- એ.એફ.સી.ચેમ્પિયન્સ લીગ, એશિયન કપ) → ફિફા એલિટ (વિશ્વના ટોચના રેફરી)

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**તમે યુ.જી.સી.ની માન્યતા પ્રાપ્ત ભારતની કોઈ પણ કૉલેજમાંથી તમારી સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરી શકો છો.**

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

## સાફલ્ય ગાથા

**મુરીન્ગોથુમાલિલ સંતોષકુમાર** એક ભારતીય વ્યાવસાયિક ફૂટબોલ રેફરી છે જેઓ મુખ્યત્વે આઇ-લીગ અને ઇન્ડિયન સુપર લીગમાં કાર્ય કરે છે. તેઓ વર્ષ ૨૦૧૨માં ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન દ્વારા વ્યાવસાયિક રેફરી તરીકે માન્ય કરવામાં આવ્યા તેવા ભારતના ત્રણ રેફરીઓ પૈકીના એક હતા.*

સ્રોત : https://us.soccerway.com/referees/mb-santosh-kumar/271564/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.



**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કોન્ટ્રાક્ચ્યુઅલ રેફરી, ફૂટબોલ રેફરી, ફૂટબોલ મેચ ઓફિસિયલ